RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 352* Date: 12.10.2023,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ઈઝરાયલી હુમલામાં ગાઝા બરબાદ થઈ ગયું ગાઝા,સળગતાં વાહનો, ખંડેર ઈમારતો અને કણસતા ચહેરા,મૃતદેહોના ઢગલા



ગાઝા,તા.૧૧

ઈઝરાયલ સરકારે કહ્યું હતું કે તેમણે હમાસના હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો છે. ગાઝાના કેટલાક ભાગોને તોડીને પોતાના નિયંત્રણમાં લેવામાં આવ્યા છે. હમાસના આતંકવાદીઓએ શનિવારે ઈઝરાયલી સૈનિકો અને નાગરિકોને બંધક બનાવ્યા હતા. બાદમાં તેમણે ઈઝરાયલને ધમકી આપી છે કે જો ગાઝામાં વધુ કોઈ હુમલો થશે તો તે દરેક ઘરમાંથી એક કેદીને ફાંસી પર લટકાવી દેશે.

જોકે જેમ-જેમ યુદ્ધ આગળ વધી રહ્યું છે એમ-એમ ઈઝરાયલી સેનાનું ગ્રાઉન્ડ આક્રમણ વધુ તીવ્ર બની રહ્યું છે. ઈઝરાયલને અમેરિકાનું સમર્થન પણ મળ્યું છે. અમેરિકાએ ખતરનાક હથિયારોની ખેપ મોકલી છે.ઈઝરાયલ-હમાસ યુદ્ધનો આજે પાંચમો દિવસ છે. ઈઝરાયલે ગાઝામાં હમાસની ૨૦૦ જગ્યા પર રાતોરાત હુમલો કર્યો. ઈઝરાયલની વાયુસેનાએ કહ્યું છે કે તેમણે હમાસ કમાન્ડર મોહમ્મદ ડેઈફના પિતાના ઘર પર હુમલો કર્યો છે. આ હુમલામાં ડેઈફના ભાઈનું મોત થયું હતું.ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં અત્યારસુધીમાં ૨,૧૫૦ લોકોનાં મોત થયાં છે. તેમાંથી લગભગ ૧,૨૦૦ ઈઝરાયલ છે. એ જ સમયે લગભગ ૯૫૦ પેલેસ્ટિનિયનોએ પણ જીવ ગુમાવ્યા છે. મંગળવારે રાત્રે અમેરિકાનું પહેલું ટ્રાન્સપોર્ટ પ્લેન દારૂગોળો સાથે ઈઝરાયલના નેવાટિમ એરબેઝ પર પહોંચ્યું હતું.ગાઝાપટ્ટીમાં હુમલા બાદ મોટી સંખ્યામાં લોકોનાં મોત થયાં છે. ત્યાં સ્થાનિક લોકો દરેક નાગરિકનો જીવ બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરિવારના સભ્યો બાળકોને હાથમાં લઈને ફરતા જોવા મળે છે. ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં કુલ મૃત્યુઆંક ૩૦૦૦ને પાર કરી ગયો છે. પેલેસ્ટાઈન કરતાં ઈઝરાયલમાં વધુ મોત થયાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ઘણા વૈશ્વિક નેતાઓએ ઈઝરાયલને સમર્થન આપ્યું હતું અને તેના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે વાત કરી હતી. પીએમ મોદીએ ફોન પર કહ્યું, ભારત તમામ પ્રકારના આતંકવાદની નિંદા કરે છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલાની નિંદા કરી અને એને સંપૂર્ણપણે ખોટું કૃત્ય ગણાવ્યું.

ગાઝાપટ્ટીની તસવીરો ડરામણી છે. ત્યાંના લોકો ભૂખ અને તરસથી ત્રસ્ત છે. સપ્લાય ચેઈન ઠપ થવાના કારણે આગામી દિવસોમાં ખોરાકની અછતનો સામનો કરવો પડી શકે છે. ઈઝરાયલનું કહેવું છે કે આ યુદ્ધ ત્યારે જ પૂરું થશે જ્યારે હમાસનો છેલ્લો આતંકવાદી માર્યો નહીં જાય. આ દરમિયાન, ઈરાનના ટોચના અધિકારી આયાતુલ્લા અલી ખમેનીએ સ્પષ્ટતા કરી હતી કે હમાસના હુમલામાં તેહરાન સામેલ નથી. જોકે, તેમણે ઈઝરાયલને નુકસાન કરનારાઓ માટે સમર્થન વ્યક્ત કર્યું હતું.

ગાઝાપટ્ટીમાં પ્રિયજનોને ગુમાવવાનું દુઃખ દરેકની આંખોમાં દેખાઈ રહ્યું છે. દરેક પરિવાર તેમના નજીકના લોકોને ગુમાવી રહ્યા છે. એકબીજાને સાંત્વના આપીને દુઃખ ઘટાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. અહીં, સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટિનિયન રાજદૂતે મંગળવારે એક સંબોધન દરમિયાન, ગાઝાપટ્ટી પર ઈઝરાયેલના બોમ્બમારો અને હમાસના નિયંત્રણવાળા પેલેસ્ટિનિયન પ્રદેશ પર સંપૂર્ણ ઘેરાબંધી લાગુ કરવા સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો અને તેને નરસંહાર ગણાવ્યું.

ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે ભીડવાળા દરિયાકાંઠાના વિસ્તારમાં લગભગ ૯૦૦ લોકો માર્યા ગયા અને ૪,૬૦૦ ઘાયલ થયા.

સોમવારે ઈઝરાયલી શનિવારે, ગાઝાપટ્ટીના હમાસના બંદૂકધારીઓએ દક્ષિણ ઈઝરાયલના ભાગોમાં તોડફોડ કરી હતી. ઈઝરાયલની સેનાએ કહ્યું કે અમારો મૃત્યુઆંક ૧,૨૦૦ પર પહોંચી ગયો છે અને ૨,૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.ગાઝાના સૈન્ય પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ જોનાથન કોનરિકસે કહ્યું કે, અમારે ખૂબ જ ભારે નુકસાન થયું છે. માર્યા ગયેલા મોટાભાગના નાગરિકો હતા. જેમને તેમના ઘરોમાં, શેરીઓમાં અથવા આઉટડોર ડાન્સ પાર્ટીમાં ગોળી મારવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઈઝરાયલીઓ અને વિદેશમાંથી અન્ય લોકોને પકડવામાં આવ્યા હતા અને તેમને બંધક તરીકે ગાઝા લઈ જવામાં આવ્યા હતા.

સૈનિકો અને નાગરિકોને બંધક બનાવનાર હમાસના આતંકવાદીઓએ ફરી એકવાર ધમકી આપી છે. આતંકવાદીઓએ કહ્યું કે, જો હુમલો બંધ નહીં થાય તો ગાઝામાં બંધક બનેલા દરેક ઈઝરાયલી ઘરમાંથી એક કેદીને ફાંસી આપવામાં આવશે.બીજી તરફ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પહેલીવાર યુદ્ધને લઈને નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું- આ યુદ્ધ અમેરિકન વિદેશનીતિની નિષ્ફળતા છે. અમેરિકા પેલેસ્ટાઈનનાં હિતોની અવગણના કરી રહ્યું છે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ પાસેથી યુદ્ધની સ્થિતિ વિશે માહિતી લીધી હતી.

## "વિજય દશમી ના દિવશે ઠાકોર સમાજ દ્વારા સન્માન સમારોહ "



### /થરાદ ખાતે સદારામ શિક્ષણ મંડળ દ્વારા વિધાર્થી સમારોહ યોજાશે //

થરાદ ખાતે સંતશ્રી સદારામ લાઈબ્રેરી ખાતે ઠાકોર સમાજ ના આગેવાનો યુવાનો અને સદારામ શિક્ષણ સમિતિ ના. ટ્રસ્ટી ઓની મિટીંગ મળી હતી એમાં ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જેમાં આવનાર સમયમાં એટલે કે ઠાકોર સમાજ સદારામ શિક્ષણ મંડળ ક્ષત્રિય સમાજ દ્વારા તેજસ્વી તારલાઓ વિધાર્થીઓ નો ૨૪/૧૦/૨૦૨૩ને મંગળવારે ઠાકોર સમાજ ની નવિન બોડીગની જગ્યાએ મીઠા -ભાભર હાઈવે થરાદ ખાતે સન્માન સમારોહ યોજા

## રૂપાલના પ્રસિદ્ધ વરદાયિની મંદિરે ૨૩મીએ પલ્લી મેળો

ગાંધીનગર : ગાંધીનગર નજીક આવેલા અને માતાજીની આસ્થાના પ્રતિક સમા રૂપાલ વરદાયિની માતા મંદિરે દર વર્ષે નવરાત્રિના નોમની મધરાત બાદ પલ્લી નિકાળવામાં આવે છે. આ વખતે નવમા નોરતે એટલે કે,તા.૨૩મી ઓક્ટોબરે રૂપાલ ગામમાં પલ્લી કાઢવામાં આવનાર છે. કોમીએકતાના સંદેશા સાથે અને પરંપરાતરીતે રૂપાલના પલ્લીમેળામાં લાખ્ખો ભક્તો ઉમટવશે જેને પગલે મંદિર પ્રસાશનથી લઈને ગામના આગેવાનો તથા જિલ્લા તંત્ર પણ તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે. શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર સમા રૂપાલ વરદાયિની માતાજી મંદિરે દર વર્ષે નવરાત્રીના નોમની રાત્રીએ વિશાળ પલ્લી મેળો ભરાય છે અને આસ્થાની સાથે કોમી એકતાના પ્રતિકસમા રૂપાલનો આ પલ્લી મેળો આ વખતે તા.૨૩, ઓક્ટોબરના રોજ યોજાશે. તા.૨૩ ઓકટોબરને સોમવારે



નિકળનારી પલ્લીમાં લાખ્ખોની સંખ્યામાં ભક્તો ઉમટશે.પલ્લી માટેની તૈયારીઓ બે મહિના પહેલાથી જ શરુ કરી દેવામાં આવી છે.દર વર્ષની જેમ સઘળી કામગીરી ગ્રામજનોએ સંભાળી દીધી છે. ત્યારે આ વખતે પલ્લીના મેળામાં આઠ લાખથી વધુ માઈ ભક્તો ઉમટશે તેવો અંદાજ લાગવવામાં આવ્યો છે તેમજ ગામના વિવિધ ચોક અને ચોરામાં ઘી રાખવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. તો આ ધાર્મિક કાર્યક્રમમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જડબેસલાક પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવનાર છે.એટલુ જ નહીં, મંદિરમાં તેમજ માર્ગ પર સીસીટીવી કેમેરા પણ મુકવામાં આવ્યા છે. જેનાથી મોટી સ્ક્રીન પર ભક્તો પલ્લીના દર્શન કરી શકે.હાલ મંદિર પ્રસાશનથી લઈને ગામના આગેવાનો અને ગ્રામજનોની સાથે જિલ્લા તંત્ર પણ પલ્લીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે. રાત્રે તેમજ પરોઢે ગામમાં પહોંચે તે રીતે એસટી બસો દોડાવવા માટેનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

## ડેન્ગ્યુના કેસ ઘટયા તો મેલેરિયાના દર્દીઓમાં હવે ચિંતાજનક વધારો

ગાંધીનગર : ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં દિવસે ઉનાળા જેવી ગરમીનો અનુભવ થઇ રહ્યો છે તેમ છતા મચ્છરોનો ઉપદ્રવ ઘટતો નથી. અત્યાર સુધી ડેન્ગ્યુના કેસે હાહાકાર મચાવ્યો હતો ત્યારે હવે મેલેરિયાના દર્દીઓએ માથું ઉંચક્યું હતું. ઠંડી લાગીને તાવ આવવાની સાથે ભારે અશક્તિથી શરીર ધ્રુજવાની તકલીફ આ બિમારીમાં રહે છે તેમ તબીબોનું માનવું છે. હાલ સિવિલ સહિત અન્ય હોસ્પિટલોમાં પણ મેલેરિયાના દર્દીઓ ખાસ જોવા મળી રહ્યા છે.આ વખતે બિપરજોય વાવાઝોડાની અસર સાથે જ વહેલું ચોમાસુ શરૃ થઇ ગયું હતું જેની સીધી અસર નાગરિકોના સ્વાસ્થ ઉપર તો પડી હતી સાથે સાથે વાદળછાયા વાતાવરણ વચ્ચે ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો હતો. ગાંધીનગર અને ખાસ કરીને ન્યુ ગાંધીનગરમાં ડેન્ગ્યુના કેસ વધ્યા હતા. સેક્ટર-૬,૭, વાવોલ, સરગાસણ અને કુડાસણમાં જાણે રોગચાળો ફેલાયો હતોય તે રીતે ડેન્ગ્યુના દર્દીઓ જોવા મળતા હતા. ત્યારે છેલ્લા બે અઠવાડિયાથી ડેન્ગ્યુના કેસમાં સતત ઘટાડો થઇ રહ્યો છે.જે સારી બાબત છે પરંતુ સામે હવે મેલેરિયાના દર્દીઓમાં ચિંતાજનક વધારો આવ્યો છે આ અંગે તબીબી સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, મેલેરિયાના કેસ સિવિલની સાથે ખાનગી હોસ્પિટલોમાં પણ વધી રહ્યા છે. આ બિમારીમાં ઠંડી લાગીને તાવ આવે છે દવાઓ પણ અસર કરતી નથી અને તાવ બેથી ત્રણ દિવસ અસહ્ય રહે છે. એટલુ જ નહીં, શરીરમાં ધ્રુજારી આવે તેવી ઠંડી લાગે છે તેમ દર્દીઓની ફરિયાદો હોય છે. જો કે, સમયસર સારવાર મેળવવાથી મેલેરિયાના કેસ પણ ક્યોર થઇ જાય છે. સામાન્યરીતે હાલ ચિકનગુનીયાની સિઝન હોય છે

## સિવિલમાં ખુલ્લા -જોખમી લટકતા ઇલેક્ટ્રીક વાયરો ફિટ કરવા સુચના

ગાંધીનગર : ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ૬૦૦ બેડની હોસ્પિટલ બની ત્યારથી જ વિવાદમાં રહેલી છે ત્યારે આજે પીઆઇયુના ઉચ્ચ અધિકારીઓએ રાઉન્ડ લીધો હતો અને સીવીલ તથા ઈલેક્ટ્રીક ડિપાર્ટમેન્ટની વિવિધ સમસ્યાઓ દૂર કરવા સુચના આપી હતી. હોસ્પિટલમાં ઈલેક્ટ્રીક વાયરો ખુલ્લા અને જોખમીરીતે લટકતી હાલતમાં જોવા મળ્યા હતા તેને યોગ્યરીતે ફિટ કરવા તાકિદ કરાઇ હતા તો વારંવાર ઉખડી જતી ટાઈલ્સનો પ્રશ્ન પણ દૂર કરવા સુચન કરાયું હતું.ગાંધીનગર સિવિલની ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીગમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ છે. જો કે, છેલ્લા રિનોવેશન બાદ મોટાભાગની મોટી સમસ્યાઓ દૂર થઇ ગઇ છે તેમ છતા હજુ પણ ગટર-પાણીના પ્રશ્નો આ હોસ્પિટલ બિલ્ડીગમાં છાશવારે ઉઠતા સાંભળવા મળે છે. ત્યારે આજે પીઆઈયુના ઉચ્ચ અધિકારીઓ દ્વારા હોસ્પિટલ બિલ્ડીગનો રાઉન્ડ લીધો હતો અને સીવીલ વર્ક તથા ઈલેક્ટ્રીક વર્કને ધ્યાને રાખીને લાવેયેલા આ રાઉન્ડ દરમ્યાન હોસ્પિટલ બિલ્ડીગમાં ખુલ્લા તથા લટકતા જોખમી વાયરો તેમને ઉડીને આંખે વળગ્યા હતા જેના પગલે આ વાયરો તાત્કાલિક યોગ્યરીતે ફિટ કરવા માટે સંબંધિત અધિકારીને સુચના આપવામાં આવી હતી.એટલુ જ નહીં, બિલ્ડીગમાં વારંવાર ઉખડી જતી ટાઈલ્સો બાબતે પણ યોગ્ય કામગીરી કરવા માટે સુચન કરવામાં આવ્યું હતું જ્યારે ઘણી જગ્યાએ પાણીના પ્રશ્નો છે વોર્ડમાં પાણી આવતું નથી તો ક્યાંકથી પાણી ટપકવાની પ સમસ્યા સામે આવી છે. જેના પગલે તે તાકિદે દૂર કરવા માટે કહેવામાં આવ્યું હતું.

ગાંધીનગર સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીગમાં એક બાજુ અધિકારીઓ દ્વારા રાઉન્ડ લઈને સમસ્યાઓ શોધીને તેનો ઉકેલ કરવામાં મથામણ કરવામાં આવતી હતી ત્યારે બીજીબાજુ દર્દીઓના સગા દ્વારા ત્રીજા માળે આવેલા વોર્ડના ટોઈલેટમાં નળ જ નહીં હોવાનુ કહ્યું હતું. નળ નહીં હોવાને કારણે અહીં શૌચક્રિયા બાદ પાણીનો મારો ચલાવી શકાતો જ નથી જેના કારણે અહીં અસહ્ય દુર્ગંધ ફેલાય છે જેનાથી દર્દીઓ તથા સગા તો પરેશાન છે જ સાથે સાથે સ્ટાફ પણ હેરાન થઈ ગયો છે. જેનું નિરાકરણ લાવવા પણ સુચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, હોસ્પિટલમાં સ્ટીલના નળ ફિટ કરવામાં આવ્યા હતા જે ચોર ચોરી જાય છે અને ત્યાં નવા નળ લગાવવાની તસ્દી લેવાતી નથી.




ગાંધીનગર જીસેક કોલોની ખાતે જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા આયોજીત સમારંભમાં ઓલ ઈન્ડિયા પાવર એન્જીનીયર્સ ફેડરેશનના ચેરમેન શ્રી શૈલેન્દ્ર દુબેનું ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેર શ્રી એચ.ટી.બથવાર તથા એશોસીએશનના હોદ્દેદારો દ્વારા સ્મૃતિચિન્હ આપી સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.શ્રી શૈલેન્દ્ર દુબે એ પોતાના વ્યક્તવ્યમાં પાવર સેક્ટર વિશે ઘણી ઉપયોગી માહિતી આપી હતી. આ પ્રસંગે એશોસીએશનના એડી.જનરલ સેક્રેટરી શ્રી એ.ઝેડ.લીંબાચીયા અને શ્રી એમ.જે.પટેલ,ઝોનલ સેક્રેટરી શ્રી સી.એસ.પટેલ,સર્કલ સેક્રેટરી શ્રી જી.એસ.પટેલ તથા ઉચ્ચ અધિકારીગણ સહિત મોટી સંખ્યામાં એશોસીએશનના સભ્યો હાજર રહ્યા હતા... એડી.જનરલ સેક્રેટરી. એ.ઝેડ.લીંબચિયા

## તંત્રી લેખ......

# ઢોરથી મરતા નાગરિક કાગળથી આગળ કામ કેમ નહી?

રાજ્યમાં રખડતા ઢોરને લઈ અનેક નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. ભાવનગરમાં રખડતા ઢોરનાં કારણે વધુ બે લોકોએ જીવ ગુમાવ્યો પડ્યો છે. રખડતા ઢોરને લઈ સરકાર દ્વારા કાયદો બનાવ્યો. પણ તેનો અમલ ક્યારે થશે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

કોઈપણ સરકારી કામ હોય તેનું સૌથી મોટુ ઉધારપાસુ એ છે કે સરકારી કામ મોટેભાગે ક્યારેય પણ કાગળથી આગળ વધતું નથી, અને નસીબજોગે કાગળથી તેનું કામ જો આગળ વધે ત્યાં સુધીમાં જે તે કામ કે કાયદાની અમલવારી અંગે બહુ મોડુ થઈ ગયું હોય છે. રખડતા ઢોરની સામે પાલિકાએ નિયંત્રણ પોલિસી અમલમાં મુકી છે જે કાગળ ઉપર બહુ સારી લાગે છે પરંતુ ધરાતલ પર સ્થિતિ મોટેભાગે જુદી છે. નિયમો આકરા બનાવ્યા છે પણ અમલવારી એટલી જ નબળી છે. રખડતા પશુની અડફેટે નાગરિકોનો ભોગ હજુ પણ લેવાય છે. માત્ર અમદાવાદ જ નહીં રાજ્યના અન્ય શહેરોમાં પણ યથાસ્થિતિ જ છે. નાગરિકોની ધીરજ ખૂટી ગઈ છે કે નહીં તેની તો ખબર નથી પરંતુ નાગરિકોને મરતા જોઈને ગુજરાત હાઈકોર્ટની ધીરજ ચોક્કસ ખૂટી ગઈ.

હાઈકોર્ટે ખુદ અમદાવાદ જેવા શહેરના વિસ્તારના નામ સાથે સરકાર અને પાલિકાને જણાવ્યું કે કયા વિસ્તારમાં રખડતા ઢોર બેકાબૂ છે. હાઈકોર્ટે આકરા શબ્દોમાં એવુ પણ કહ્યું કે અમે નાગરિકોને તમારી દયાના ભરોસે નહીં છોડી શકીએ અને જો તમારી પાસે અમલવારીની ક્ષમતા ન હોય તો અમે અમારી રીતે ઓર્ડર પાસ કરીએ. સરકારે હંમેશની જેમ પોતે લીધેલા પગલાનો કાગળ ઉપર ચિતાર આપી દીધો પણ આપણે સૌ જાણીએ છીએ કે આગળ હજુ પણ આ મુદ્દે પરિસ્થિતિ કેવી રહેશે.. સવાલ એ છે કે રખડતા ઢોરની અડફેટે નાગરિકોની જિંદગીનો ભોગ લેવાઈ રહ્યો છે ત્યારે સરકારને એવું કેમ નથી થતું કે આપણે આપણી કાર્યવાહીને કાગળથી આગળ લઈ જવી જોઈએ.

રાજ્યમાં રખડતા પશુના ત્રાસની ઘટનાઓ યથાવત છે. ભાવનગરમાં એક દિવસમાં રખડતા પશુથી બે વ્યક્તિના મૃત્યુ થયા હતા. તો જામનગરમાં પણ રખડતા પશુથી વૃદ્ધાનું મૃત્યુ થયું હતું. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે સરકાર અને છસ્ઝની ઝાટકણી કાઢી હતી. રખડતા પશુના ત્રાસ સામે સરકારની કામગીરીની ટીકા કરી હતી. નીતિઓ બને છે છતા અમલવારીમાં કચાશ રહી જાય છે. નાગરિકોના મૃત્યુ થાય છે અને કાર્યવાહી કાગળથી આગળ વધતી નથી.

સરકારની નીતિ અને વાસ્તવિકતા વચ્ચે ફેર છે. કેટલીક બાબતો હજુ લાગુ થવી જોઈએ જે નથી થઈ. અમદાવાદના અનેક વિસ્તારમાં રખડતા પશુની સ્થિતિ નિયંત્રણ બહાર છે. મણિનગર, નેહરુનગર, ઈસનપુર, અટીરામાં રખડતા પશુની સ્થિતિ કાબૂ બહાર છે. હાઈકોર્ટે નવસારી રેલવે સ્ટેશનની સ્થિતિનો પણ ઉલ્લેખ કર્યો. નડિયાદ નગરપાલિકાની હદમાં પણ રખડતા પશુનો મુદ્દો ચર્ચાયો છે. હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું અમે તમારી દયા ઉપર નાગરિકોને ન છોડી શકીએ. તંત્રની નીતિ કાગળ ઉપર જ રહે છે. હાઈકોર્ટે પૂછ્યું કાગળથી આગળ અમલવારી થશે કે કેમ તે સ્પષ્ટ કરો. હાઈકોર્ટે કહ્યું અરજદાર પાસે સૂચન હોય તો આપે બાકી અમે ઓર્ડર પાસ કરીશું.

# નવરાત્રિના આયોજકોએ આ વર્ષે મેડિકલ કીટ ફરજિયાત પણે પોતાની પાસે રાખવી પડશે.

ગાંધીનગર,તા.૧૧

નવરાત્રી તહેવારના પર્વને ધ્યાનમાં રાખી હાર્ટએટેકના દર્દીઓ માટે આરોગ્ય વિભાગે ગાઈડલાઈન જાહેર કરી છે. જેનુ પાલન ગુજરાતના તમામ ગરબા આયોજકોએ કરવુ પડશે. આ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી. નવરાત્રિમાં આવા બનાવો ન વધે તે માટે નવરાત્રિમાં આરોગ્ય વિભાગ ખાસ માર્ગદર્શિકા બહાર પાડી છે. યુવાનોમાં હાર્ટ એટેકના કેસો વધતા ખાસ માર્ગદર્શિકામાં સલાહ સૂચનો કરવામાં આવ્યા. જેમાં નવરાત્રિના આયોજકોએ આ વર્ષે મેડિકલ કીટ ફરજિયાત પણે રાખવી પડશે.



નવરાત્રી દરમિયાન આરોગ્યલક્ષી માર્ગદર્શિકા અંગે મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, નવરાત્રી મહોત્સવ ગુજરાતીઓ માટે શક્તિનો મહિમા છે. ગરબાના ખાનગી આયોજકોએ આરોગ્યની ટીમ રાખવી ફરજિયાત કરી છે. આ વખતે મોટી નવરાત્રી થતી હશે ત્યાં ખાસ કાળજી રાખવામાં આવશે. ગુજરાતની ૮ મહાનગરપાલિકા અને ૧૫૭ નગરપાલિકા વિસ્તારમાં આરોગ્યની વ્યવસ્થા રહેશે. કોઈપણ પ્રકારના બનાવમાં આરોગ્યની સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરી છે. સીએચસી અને પીએચસી સેન્ટરમાં પણ આ મુજબની સૂચના આપવામાં આવી છે. ગરબાના આયોજકો દ્વારા પણ આ વ્યવસ્થા કરવાની રહેશે. ગરબા ગ્રાઉન્ડ પર મેડિકલ ટીમની રાખવાની વ્યવસ્થા આયોજકોએ કરવાની રેહેશે.

તેમણે વધુમાં કહ્યું કે, આરોગ્ય વિભાગ પણ વ્યવસ્થા કરી છે. માત્ર હાર્ટ એટેક નહિ પરંતુ અન્ય કોઈપણ પ્રકારના બનાવમાં આરોગ્યલક્ષી સેવા મળી રહેશે. ભાજપ અને આરોગ્ય વિભાગ દ્વારા સીપીઆરની તાલીમના કાર્યક્રમ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં અનેક સેવાભાવી સંસ્થા અને સામાન્ય લોકોએ તાલીમ લીધી છે. દરેક લોકોએ વર્ષે એક વખત મેડિકલ ચેકઅપ કરાવવા તેવી મારી અપીલ છે.

આરોગ્ય વિભાગની આ માર્ગદર્શિકા ગુજરાતના ૮ કોર્પોરેશન અને ૧૫૭ નગરપાલિકા વિસ્તાર માટે ખાસ અમલી રહેશે. ગ્રામીણ વિસ્તારમાં પીએચસી અને સીએચસી સેન્ટરોમાં ખાસ સૂચનાઓ આપવામા આવશે. માર્ગદર્શિકા મુજબ, ગરબાના સ્થળની નજીક ૧૦૮ના પોઈન્ટ ગોઠવવામાં આવશે. ૐઈની તાલીમ લીધેલા લોકોને ગરબા સ્થળે રાખવામાં આવશે. હોસ્પિટલમાં રાત્રીના ૧૨ વાગ્યા સુધી હાજર રહેવાની સૂચના આપવામાં આવશે. ભાજપના ડોકટર સેલના હોદ્દેદારો અને કાર્યકરો પણ ગરબા સ્થળે હજાર રહેશે.

# ગુજરાતમાં ત્રણ રાઉન્ડ પછી પણ પીજી મેડિકલની ૬૮૩ સીટ ખાલી

અમદાવાદ,તા.૧૧

મેડિકલની વાત આવે ત્યારે ગુજરાતીઓને મોટાભાગે દૂરબીનથી શોધવા જવા પડે તેવી સ્થિતિ હોય છે. આ વાતની સાક્ષી પૂરે છે પીજી મેડિકલની સીટ. વ્યાવસાયિક અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક તબીબી શૈક્ષણિક અભ્યાસક્રમો માટેની પ્રવેશ સમિતિએ સોમવારે જાહેરાત કરી હતી કે પ્રવેશના ચાલુ ત્રીજા રાઉન્ડમાં રાજ્યમાં હજુ પણ ૬૮૩ એમડી એમએસ ડિપ્લોમા અને એમડીએસ બેઠકો ખાલી છે.

સમિતિએ જણાવ્યું હતું કે ત્રીજા રાઉન્ડમાં, ૪૬૧ વિદ્યાર્થીઓએ એમડી, એમએસ અને ડિપ્લોમા બેઠકોમાં પ્રવેશની પુષ્ટિ કરી હતી અને ૯ ઓક્ટોબર સુધીમાં ૬૪૫ બેઠકો ખાલી રહી હતી. એમડીએસ અભ્યાસક્રમો માટે, ૨૭ વિદ્યાર્થીઓએ તેમના પ્રવેશની પુષ્ટિ કરી છે જ્યારે રાજ્યની મેડિકલ કોલેજોમાં ૩૮ બેઠકો ખાલી છે. પ્રવેશ કન્ફર્મ કરવાની છેલ્લી તારીખ ૧૧ ઓક્ટોબર છે.

એડમિશન કમિટી ફોર ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસએ સોમવારે જાહેરાત કરી હતી કે પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશના ચાલી રહેલા ત્રીજા રાઉન્ડમાં, ૯,૧૯૨ વિદ્યાર્થીઓએ તેમના પ્રવેશની પુષ્ટિ કરી છે જ્યારે સોમવારે ૨૨,૯૨૫ બેઠકો ખાલી હતી.બોમ્બે હાઈકોર્ટે નિર્દેશ આપ્યો છે કે માસ્ટર ઓફ ડેન્ટલ સર્જરી કોર્સ માટે એનઆરઆઈ કેટેગરીમાં એક સીટ ૭ ઓક્ટોબર સુધી ખાલી રાખવામાં આવે. આ એક વિદ્યાર્થીએ અન્યાયી વર્તનનો દાવો કરતી અરજી દાખલ કર્યા પછી આવે છે, કારણ કે નીચલા રેન્કિંગવાળા અન્ય લોકોને બેઠકો આપવામાં આવી હતી. . કોર્ટે આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ મેડિકલ કાઉન્સેલિંગ કમિટીને નોટિસ જારી કરી છે, અને આ મામલે વધુ સુનાવણી થશે.તમિલનાડુમાં પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ ડિગ્રી કોર્સમાં ૧૫૦ થી વધુ જગ્યાઓ ખાલી છે અને પંજાબ નર્સિંગ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ એસોસિએશન નર્સિંગ અભ્યાસક્રમોમાં મોટી સંખ્યામાં ખાલી બેઠકોને કારણે સીધા પ્રવેશની માંગ કરી રહી છે.

# વડોદરામાં ગરબા મહોત્સવના ફૂડ સ્ટોલના આરોગ્ય વિભાગના લાયસન્સ લેવા જરૂરી





વડોદરા,તા.૧૧

વડોદરા શહેર વિસ્તારમાં યોજવામાં આવતા ગરબા મહોત્સવમાં તમામ ફુડ સ્ટોલ ધારકોએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ મુજબ લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવી લેવા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વિભાગના એડિશનલ હેલ્થ ઓફિસર મુકેશ વૈધે પરિપત્ર જારી કરી સૂચના આપી છે.

ગરબા ગ્રાઉન્ડની આસપાસ તમાકુ તથા પાન-મસાલાની આડકતરી રીતે જાહેરાત કરવી દંડનીય ગુન્હો બને છે. જેથી આવી કોઈ જાહેરાત ન કરવા સુચીત કરવામાં આવે છે તેમ તેમણે જણાવ્યું છે.

વડોદરા શહેર વિસ્તારમાં આગામી નવરાત્રી તહેવારમાં શહેરમાં વિવિધ જગ્યાએ ગરબાનાં આયોજન સાથે વીવિધ ખાણી-પીણીનાં સ્ટોલ પણ રાખવામાં આવતા હોય છે. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ અન્વયે ટેમ્પરરી ફુડ સ્ટોલ ધારકોએ પણ નીયમ મુજબ લાયસન્સ મેળવવાનું હોય છે. વડોદરા શહેરનાં તમામ ગરબા આયોજકોને સુચીત કરવામાં આવે છે કે જે તે સ્થળે સ્ટોલ ધરાવતા તમામ ફુડ બીઝનેશ ઓપરેટરોને તાત્કાલિક ધોરણે આરોગ્ય વિભાગની લાયસન્સ મેળવી લેવાનાં રહેશે. અન્યથા સ્ટોલ ધારકો તેમજ ગરબા આયોજકની સામે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# એજન્સીમાંથી ૧૬ લાખની ઓક્સિજનની બોટલ બારોબાર વેચી છેતરપિંડી

જામનગર રોડ ઉપર વોરા સોસાયટી પાસે પરાશર પાર્ક મેઈન રોડ પર રહેતા અને રૈયા ચોકડી નજીક અંબિકા કોમ્પ્લેક્સમાં જયદીત્ય સિલીન્ડર સપ્લાયર એન્ડ સ્કેપ નામે એજન્સી ધરાવતા લક્કીરાજસિંહ વનરાજસિંહ રાણા (ઉ. વ.૩૭)ને ત્યાં કામ કરતી ડિલીવરી બોય રાહુલ લખમણભાઈ જોગરાણા (રહે. જશોદા ચોક, સ્લમ ક્વાર્ટર)એ કટકે-કટકે આશરે ૨૦૦ જેટલી ઓક્સિજનની બોટલો બારોબાર વેચી નાખી રૂા. ૧૬ લાખની છેતરપિંડી કર્યાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.લક્કીરાજસિંહે પોલીસને જણાવ્યું કે આશરે દસેક દિવસ પહેલા રૈયા રોડ ઉપર બાપા સિતારામ ચોક પાસે આવેલી ખાનગી




હોસ્પિટલમાંથી ધર્મેશભાઈ કે જે હોસ્પિટલમાં ટેકનિકલ કામ કરવા ગયા હતા ત્યારે તેણે ફોન કરી તમને આ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ અપાવેલ છે, તમે અમને જાણ કર્યા વગર ઓક્સિજનના બાટલા સપ્લાય કરો છો તેમ કહેતા તેણે અમારી પેઢીમાંથી આવા કોઈ ઓક્સિજનના બાટલાની ડિલીવરી થઈ જ નથી તેમ કહેતા ધર્મેશભાઈએ ઓક્સિજનના બાટલાનું ચલણ તમારી પેઢીના નામે છે તેમ વાત કરતાં તે અને તેના મિત્ર ત્યાં રૂબરૂ તપાસ માટે ગયા હતા.

જ્યાં એડમીન તરીકે નોકરી કરતા પ્રકાશભાઈને વાત કરતા તેણે તેની પેઢીના નામનું ચલણ બતાવ્યું હતું.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૩૯ અને ચાંદીમાં રૂ.૭૪૭નો ઉછાળો: ક્રૂડ તેલ રૂ.૨૧ ડાઊન

**કોટન-ખાંડી વાયદો રૂ.૩૮૦ અને મેન્થા તેલ રૂ.૬.૨૦ નરમ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૧૧૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૭૬૪૭ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૩ કરોડનાં કામકાજ**

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
### નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૭૨,૩૫૬ સોદાઓમાં કુલ રૂ.૩૫,૭૭૦.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૧૧૦.૦૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૭૬૪૭.૮૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૩,૯૫૭ સોદાઓમાં રૂ.૫,૩૪૭.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૬૧૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૯૯૫ અને નીચામાં રૂ.૫૭,૬૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૩૯ વધી રૂ.૫૭,૯૬૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૩ વધી રૂ.૪૬,૫૫૩ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૨ વધી રૂ.૫,૮૦૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૨ વધી રૂ.૫૭,૬૪૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૯,૧૪૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૭૪૯ અને નીચામાં રૂ.૬૮,૯૭૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૪૭ વધી રૂ.૬૯,૬૬૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬૮૪ વધી રૂ.૬૯,૬૮૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬૭૬ વધી રૂ.૬૯,૭૨૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૬૪૪ સોદાઓમાં રૂ.૧,૦૯૨.૯૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૭૦૬.૮૦ના ભાવે ખૂલી, રૂ.૧.૦૫ વધી રૂ.૭૦૬.૩૦ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૨૦૪.૪૫ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૮૭ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૨૨૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૦૭.૦૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૮૭.૧૫ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૦.૭૫ વધી રૂ.૨૨૨.૨૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૭,૧૭૫ સોદાઓમાં રૂ.૧,૬૫૯.૧૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૧૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૨૦૮ અને નીચામાં રૂ.૭,૧૦૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧ ઘટી રૂ.૭,૧૪૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨૧ ઘટી રૂ.૭,૧૩૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૮૩ના ભાવે ખૂલી, રૂ.૫.૭૦ વધી રૂ.૨૮૬.૫૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૫.૫ વધી ૨૮૬.૩ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૦.૩૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૪૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૪૦૦ અને નીચામાં રૂ.૫૯,૦૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ ઘટી રૂ.૫૯,૧૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૨૦ ઘટી રૂ.૯૨૧.૧૦ બોલાયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૦૭.૪૯ કરોડનાં ૩,૯૯૨.૬૬૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૦૪૦.૧૭ કરોડનાં ૪૩૭.૦૨૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૫૨.૫૫ કરોડનાં ૭,૭૩,૩૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૦૬.૬૦ કરોડનાં ૩,૮૩,૯૩,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૦.૯૦ કરોડનાં ૪,૪૨૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૭.૧૯ કરોડનાં ૧,૪૫૮ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૨૯.૬૧ કરોડનાં ૧૦,૩૦૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૪૫.૨૩ કરોડનાં ૧૧,૦૩૯ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૪૧ કરોડનાં ૫૭૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૯૩ કરોડનાં ૭૪.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૬૭૨.૩૫૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૩૨૧.૪૩૩ ટન, તાંબાના વાયદાઓમાં ૨૨,૦૫૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૯૪૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૨૯૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૭૫૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૧,૮૬,૪૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૦૪,૭૬,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૫,૬૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૫૫.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૨.૫૮ કરોડનાં ૧૬૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૯૧૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૫,૨૩૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૨૯૩ અને નીચામાં ૧૫,૧૮૧ બોલાઈ, ૧૧૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯૦ પોઈન્ટ વધી ૧૫,૨૯૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૭૬૪૭.૮૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૪૦.૮૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૪૫.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૩૯૬.૧૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૦૪૮.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૫૦૦.૭૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૩.૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૫ અને નીચામાં રૂ.૧૧૭.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨.૩૦ ઘટી રૂ.૧૩૧.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૯૫ અને નીચામાં રૂ.૧૦.૫૦ રહી, અંતે રૂ.૨.૩૫ વધી રૂ.૧૧.૫૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૭૫.૫૦ અને નીચામાં રૂ.૬૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૯.૫૦ વધી રૂ.૭૬૦.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૯.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૨૧.૫૦ અને નીચામાં રૂ.૨૨૦ રહી, અંતે રૂ.૮૧.૫૦ વધી રૂ.૩૧૧.૫૦ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૭૩.૫૦ વધી રૂ.૧,૮૮૩.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની

આભાર - નિહારીકા રવિયા નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૮૦ના ભાવે ખૂલી, રૂ.૨૪૫.૫૦ વધી રૂ.૧,૯૧૪ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૪૬ વધી રૂ.૬.૬૮ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૫.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૮ અને નીચામાં રૂ.૧૦૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬.૫૦ વધી રૂ.૧૩૪.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૫૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૦૫ અને નીચામાં રૂ.૯.૮૦ રહી, અંતે રૂ.૨.૩૦ ઘટી રૂ.૧૦.૧૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯૩.૫૦ અને નીચામાં રૂ.૩૭૭.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૮ ઘટી રૂ.૩૮૯.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૬ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૨ અને નીચામાં રૂ.૧૫૯ રહી, અંતે રૂ.૬૦ ઘટી રૂ.૧૬૪ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૯૦ના ભાવે ખૂલી, રૂ.૩૧૬.૫૦ ઘટી રૂ.૧,૨૩૩.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૬૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૩૧.૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૬૬ ઘટી રૂ.૧,૬૮૬ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૫૮ ઘટી રૂ.૩.૮૬ થયો હતો.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ

દ્વ૨ ૦૦૭૮
પ્રકાર - પદ્ય (ડબલ કાફિયા ગઝલ)
શીર્ષક - સુવિચારોના હાર

અક્ષરની જાન જોડી ચડી ઘોડે પંક્તિઓ;
શબ્દોના તોરણોની લડી જોડે પંક્તિઓ.



રંગોળી ગીતની ને ગઝલ - સાથિયા પૂર્યા;
રંગો છે રક્તના, ત્યાં પડી સોડે પંક્તિઓ.

ફૂલોય પોરવ્યા સુવિચારો ને ભાવ ના;
એ હાર પે'રવાને રડી કોડે પંક્તિઓ.

ઉત્સાહ, ઊર્મિ, દર્દ છે આશિષ તથા કલા;
મહેમાનો સાથ જોને, દડી દોડે પંક્તિઓ.

હર હાલમાં જ સાથ નિભાવીશ કહે છે એ;
કંઈ રીતથી દરદની કડી મોડે પંક્તિઓ.

- શ્વેતા તલાટી




સુરત શહેર ખાતે ધ મેન મેડ ટેક્સટાઈલ્સ રિચર્ચ એસોશિયેશન દ્વારા આયોજિત ઈલેક્ટ્રિક સેફટી અવેરનેસ કેમ્પમાં ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં સુરત શહેરના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પુસ્તક પરિચય
## પુસ્તકનું નામ : અરધી સદીની વાચનયાત્રા
## સંપાદકઃ મહેન્દ્ર મેઘાણી



અરધી સદીની વાચનયાત્રામાં ૬૨૫ પાનાંમાં નાનામોટા મળીને લગભગ ૬૦૦ જેટલાં લખાણો મળે છે. તો ૬૨૭ થી ૬૩૦ પેજમાં લેખકની આપેલ છે. ૧ મે ૨૦૦૩ ગોપાલ મેઘાણી લોકમિલાપ ટ્રસ્ટ દ્વારા પ્રથમ આવૃત્તિ મળે છે. આ પુસ્તકનું અર્પણ ભિક્ષુ અખંડાનંદ, હાજી મહમ્મદ અલારખીયા શિવજી, રણજિતરામ વા. મહેતાને કરેલ છે.

ગધીયુગમાં સુંદરમ્, ઝવેરચંદ મેઘાણી, કાકા કાલેલકર રચિત જુગતરામ અને બબલભાઈમાં રહેલ ભેદ ની ટૂંકી નોંધ વાંચી શકાય છે. થી લઈને અનુઆધુનિક યુગના પહલાદ પારેખ નું અદના આદમીનું ગીત, આપણે ભરોસે, મકરંદ દવે, પન્ના નાયક જેવાં અનેક સર્જકને માણી શકીએ છીએ. કરસનદાસ માણેક ઉશનસ નું કાવ્ય એ છેલ્લો માણસ એમના ઉપકાર સંભારશું? કોની છે આ ધીંગી ધરતી કરસનદાસ માણેક નું કાવ્ય, મહેન્દ્ર મેઘાણી રચિત કાવ્ય માં દરેક વ્યવસાયકારને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે કે તેઓ બંધ નથી પાળતા માટે આપણને ઘણું મળતું રહે છે. એક પંક્તિ જોઈએ –

કારણ કે કરોડો ઈમાનદાર નરનારીઓ કદી યે બંધ નથી પાળતાં.
પરસેવો પાડીને તેઓ આ જગતને જીવતું રાખે છે.

ટુંકી નોંધ કરેલા વિચારો, વચ્ચે વચ્ચે ગઝલ નાં શેર, ઉત્તમ લોકોના સુવિચારો મનોહર પ્રભાકરની 'એક જ દાણામાંથી જેવી ટૂંકી વાત, હેલન કેલર નું આપણી પંચેદ્રીય માટે આપણને ઉત્તમ સૂચન
હસિત બૂચ નું 'સમો આવતાં' કાવ્યની પકિત જોઈએ –
લોકનું તો ભઈ, એવું!
એક ઘડી એ કબૂતરાં
ને ઘડી અન્ય એ સાવજ;
માવડીએ દીધો ન્હાનાલાલ રચિત કાવ્ય
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ :
મોંઘામૂલો છે મ્હારો વીર જો ! ખમ્મા૦ ૦૦૦
આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ :
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો ! ખમ્મા૦ ૦૦૦
દેવે દીધી છે મ્હને માવડી રે લોલ :
માવડીએ દીધો મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.
ગાંધીજી રચિત 'ગરીબીનું ગોઉર્વ
લિયો ટોલ્સટોય 'જો એવી જાણ હોય કે – અનુવાદ ચંદ્રશંકર શુક્લ કરેલ છે. લીડન જોન્સન, ઝવેરચંદ મેઘાણીએ રવીન્દ્રનાથ ઠાકુરના કાવ્ય ' બા, સુઈ જા! નો અનુવાદ

લાલજી કાનપરિયા રચિત પંક્તિ 'ટહુકો ગયો રહી
આ ઓરડો, આ ઓસરી, આ ફળિયું પણ હવે
લાગે બધાં સૂનાં સૂનાં માના ગયા પછી...
ઊડી ગયું પંખી અને ટહુકો ગયો રહી,
લો, ઘૂઘવે દરિયા લૂના માના ગયા પછી.
રામુ ઠક્કરે 'આવા હતા ઠક્કરબાપા!', આનંદરાવ લિંગાયતે 'આંબેડકરની વ્યથા', એક ઝટકે ઉખેડવાનો' કાકા કાલેલકર, મુકુલ કલાર્થીએ અમેરિકા હસબી ગુલામ લઈને લખેલ છે. રચિત વાંચવાનો આનંદ મળે છે. લોકસાહિત્ય માંથી દેવના દીધેલ લોકગીતો નો રસ પી શકાય છે.
રમેશ જોશી રચિત 'યાદ' શબ્દોની કમાલ જોઈ શકાય છે.
જિંદગી પણ કેવી કમાલ છે !
પહેલાં
આંસુ આવતાં ત્યારે
બા યાદ આવતી;
ને આજે
બા યાદ આવે
ને આંસુ આવી જાય છે.
બહેનોને ગાંધીજી રચિત છોકરી ઓ ચેતજો! શિરીષ મહેતા ઉમાશંકર રચિત લાગી આવતું હોય તો-, શિક્ષણનું ખરું કામ મનુભાઈ પંચોળી, ભૂપત વડોદરિયા, જયંત પાઠક, ઈશ્વર પેટલીકર, ગિજુભાઈ બધેકા
આમ, અહીં ઘણું છે.ગુજરાતી સાહિત્યના લેખક છે તો વળી,અનુવાદક ને લોકસાહિત્ય પણ મળે છે. દરેક ને નામ સાથે તો ના લખી શકાય પણ પુસ્તકનો એક એક વિચારકણિકા આપણને મળી રહે છે. ખુબ ઊંડાણ પામી શકાય છે.
ભારતી વાઘેલા

## પેલો બાળક રમવાની ના કેમ પાડે છે તમને ખબર છે?



એક બાજુ શહેરોમાં ગણેશોત્વ અને નવરાત્રીમા લાખોનો ખર્ચો થઈ રહ્યો છે.બીજી બાજુ આપણે બાળકોને પૂરતો પોષણયુક્ત આહાર પુરો પાડી શકતા નથી તેથી બાળકો કુપોષણનો શિકાર બંને છે એક ઘટના યાદ આવે છે.
એક જગ્યા ઉપર પાંચ સાત બાળકો પક્ક?ડદાવ રમી રહ્યા હતા એક ગરીબ મેલોઘેલો બાળક થોડેક દુર રહી આ રમતને એકદમ દયાનથી તલ્લીનતાથી જોતો હતો વારંવારે હાથ ઊંચા નીચા કરી મોં પર હાસ્ય લાવી આ રમતને નિરખતો હતો.
દુર ઉભો ઉભો હું ક્યારનો એ બાળકને જોતો હતો.મને થયું આ બાળકને આ રમતમા આટલો બધો રસ છે તો પોતે કેમ રમતો નથી? થોડી વાર પછી મે એને પૂછ્યું ભાઈ તું કેમ રમતો નથી?તને આ રમતમા કેટલી બધી મજા આવે છે તો મને કહે મારી માતાએ મને રમવાની ના પાડી છે.મે કહ્યું કેમ તારી માતાએ તને રમવાની ના પાડી છે? તો તેણે મારાં સવાલનો કોઈ જવાબ આપ્યો નહી
ફરી પાછો મારી તરફ ઉપેક્ષાભાવ કેળવી રમત જોવામાં મશગુલ થઈ ગયો.મને થયું આની માતાએ રમવાની કેમ ના પાડી છે? મે પેલા બાળકને ઉશ્કેર્યું તે ભણતો હશે નહી? લેસન બરાબર કરતો હશે નહી? એટલે મા એ ના પાડી હશે મારો સવાલ સાંભળી બાલકે મારી સામે જોયું ફટાક કરતો જવાબ આપ્યો મે કદી સ્કૂલનું પગથિયુ જોયું નથી સ્કૂલ તો કદી ગયો જ નથી પણ મારી મા કહે છે જો તું રમવા જશે તો તને ભૂખ લાગશે.ભૂખ લાગશે તો તું જમવાનું માંગશે? હું તને ક્યાંથી જમવાનું આપીશ?માટે તું રમત જોજે પણ ભૂલેચુકે રમવા જતો નહી રમતો નહી સમજી ગયો.બાળકનો જવાબ સાંભળી હું અવાક થઈ ગયો મને કમકમાં આવી ગયા.આપણે રોજ ભરપેટ ભોજન કરી ભોજન પચાવવા ચાલવા જઈએ છીએ સોડાઓ ઠંડા પીણાંઓનો મારો રાખીએ છીએ ચૂરણો ફાકીએ છીએ દવામા હજારો રૂપિયા ખર્ચી નાંખીએ છીએ અને આ બાળક પાસે તો ભૂખ જ નથી? ભોજન જ નથી? શું ખાય? ક્યાંથી લાવીને ખાય? કેવી રીતે ખાય? બોલો તમારી પાસે આનો કોઈ જવાબ છે ખરો?
અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# બિગ બોસ સિરિયલમાં રાજુ રદીને કોઇ પણ રીતે સ્પર્ધક તરીકે એન્ટ્રી લેવી છે!!!

" ગિરધરભાઈ. તમને કંઈ ખબર છે?'' રાજુ રદીએ સવાલમાં પાંચશેરી મારી. આ સવાલનો વાચ્યાર્થ, ભાવાર્થ અને ગુઢાર્થ માત્ર રાજુ જાણતો હોય. આપણે મન કી બાત જેમ સાંભળવાનું! મન કી બાત તો વન વે જ હોય ને??
" રાજુ. મારે શેની ખબર રાખવાની છે, શેની ખબર પૂછવાની છે? કોની ખબર લેવાની છે?'' મેં મૂઢ માણસની જેમ રાજુ પર સવાલોના તડતડિયા ફેંક્યા.
" તમે ટીવી -બીવી જુઓ છો કે નહીં??'' રાજુએ વધુ સવાલ પૂછ્યો. માનો કે મારા ઘરે ઈડી-સીબીઆઈના અધિકારી રેડ ન કરતા હોય!!
" જો, ટીવીમાં બખાળા સિવાય કંઇ આવતું નથી. હવે આ ઉંમરે બીવીમાં જોવા જેવું કાંઇ બચ્યું છે કે તે સવાલ છે?? બીજા મૂડીરોકાણ પર ધ્યાન આપીએ તો યુક્રેન-રશિયા જેવું શૌકયયુધ્ધ ફાટી નીકળવાની ભીષણ સંભાવના રહેલી છે.!!કે હમાસે ઈઝરાયલ પર કરેલ લાઈવ હુમલા જેવું છે.''મેં રાજુને કહ્યું .
" ગિરઘરભાઈ . બિગ બોસ સિઝન -૧૭ મી સિઝન પંદરમી ઓકટોબરે શરૂ થઈ રહી છે. આ વખતે કપલ દૃજ સિંગલ 'બિગ બોસ ૧૭'ની થીમ રાખવામાં આવી છે. આ વખતે શોમાં કેટલાક ચહેરા કપલ અને સિંગલ સ્પર્ધકો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળશે.!!'' ખુફિયા માહિતી આપતો હોય તેમ રાજુએ ઘટસ્ફોટ કર્યો.
" રાજુ. બિગ બોસ સિરિયલ કોઇ વિદેશી સિરિયલનું ભારતીય વર્ઝન છે. બિગ બોસ નું ભારતીય અનુકૂલન છે. ભારતમાં પ્રથમ વખત ૨૦૦૬ માં પ્રસારણ શરૂ કર્યું હતું. દર વરસે સિરિયલ ટેલિકાસ્ટ થાય છે. રિયાલિટી શો હોવા છતાં, ઘણીવાર તેની પ્રામાણિકતા અને 'વાસ્તવિકતા' પર સવાલ ઉભા કરે છે. આથી ચાહકો અને અન્ય લોકોએ આ શોને ફિક્સિંગ અને ગફલાબાજી કરવાનો આરોપ મૂકાય છે.
એકાદવાર અમિતાભ બચ્ચને સિરિયલ હોસ્ટ કરેલી. બાકી બુલબુલ ,સોરી ચુલબુલ પાંડે ફેઈમ સલમાન કાયમી ધોરણે સિરિયલનો હોસ્ટ હોય છે. જૂના જમાનામાં ચોવટ થતી હતી તે ટાઈપનો વાહિયાત કાર્યક્રમ છે. ટંટાફિસાદ, ગાલીગલોચ, રોનાધોના, લડવા ઝઘડવાનું પ્લેટફોર્મ છે. સ્ક્રિપ્ટેડ કન્ટેન્ટ હોય છે. બિગ બોસ ઓટીટી પ્લેટફોર્મ પર પણ પ્રસારિત થાય છે!!ઓટીટી પ્લેટફોર્મના હિટ રિયાલીટી શો 'બિગ બોસ ઓટીટી ૨'ના વિનરનું ટાઈટલ એલ્વિશ યાદવને મળ્યું હતું. એલ્વિશે ગ્રાન્ડ ફિનાલેમાં અભિષેક મલ્હાનને હરાવીને આ જીત પોતાના નામે કરી લીધી છે. ખાસ વાત એ રહી કે એલ્વિશ પહેલો એવો કન્ટેસ્ટન્ટ છે, જેને વાઈલ્ડ કાર્ડમાં એન્ટ્રી મળી હતી અને હવે તેણે આ શો જીતીને નવો રેકોર્ડ બનાવ્યો છે.''મેં રાજુને બિગબોસ કથા કહી.
" ગિરધરભાઈ., બિગ બોસના સેટ કેવા ટનાચન હોય છે. તેમાં ટાસ્ક આપે છે તે ઈનોવેટીવ હોય છે. સ્પર્ધકો જાતે રાંધે, વાસણો સાફ કરે,,ઘર ચોખ્ખું રાખે. કેવો અદ્ભૂત આઈડિયા છે. " રાજુએ બિગ બોસનો કસીદો પઢયો!!
"રાજુ. બિગબોસમાં જનાર વ્યકિતએ ટીવી, મોબાઈલ, ફેસબુક, વોટસએપ , ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ વગેરે પ્લેટફોર્મથી સ્પર્ધાનાં યમયગાળા સુધી દૂર રહેવું પડે છે. વર્તમાનપત્રો પણ મળતા નથી. ઘર, પરિવાર , વ્યવસાયથી પણ અલિપ્ત રહેવું પડે. સમાજની હદમાંથી હદપારી થઈ જવાનું. આવી રીતે રહેવું એ કપરૂં કામ છે. બિગબોસના સ્પર્ધકને ફી તરીકે તગડી રકમ મળે છે!!'' બિગ બોસની પ્રથમ સિઝનમાં રાહુલ રોય ,બીજી સિઝનમાં આશુતોષ કૌશિક, ત્રીજીમાં વિધુ દારાસિંહ, ચોથીમાં ચુલબુલી ટીવી એકટ્રેસ શ્વેતા તિવારી,પાંચમીમાં જુહી પરમાર, છંઠીમાં ખુંખાર સુંદર વિલન ઉર્વશી ધોળકિયા,સાતમીમાં ગોહરખાન, આઠમીમાં ગૌતમ ગુલાટી, નવમીમાં પ્રિન્સ નારુલા, દસમીમાં મનવીર ગુર્જર, અગિયારમીમાં ભાભીજી ઘર પર હૈની પ્રથમ અંગુરીભાભી બનેલી શિલ્પા શીંદે,બારમીમાં સસુરાલ સિમરકીની અભિનેત્રી દિપિકા ખખ્ખર, તેરમીમાં બાલિકા વધૂ સિરિયલમાં કલેકટરનું પાત્ર બખૂબીથી નિભાવનાર અભિનેતા સિધ્ધાર્થ શુકલા, ચૌદમીમાં શક્તિ -અસ્તિત્વ કે અહેસાસમાં થર્ડ જેન્ડરનું પાત્ર ભજવનાર અભિનેત્રી રુબીના ધિલ્લક,પંદરમીમાં તેજસ્વિની પ્રકાશ અને છેલ્લી સિઝનમાં જેને ડાર્ક હોર્સ માનવામાં આવતો હતો તે એમસી સ્ટાન ચેમ્પિયન બનેલ. બિગબોસના સ્પર્ધકોને બોનસમાં રોહિત શેટીના દિલધડક ખતરો કે ખિલાડી શોમાં ઓડિશન આપ્યા સિવાય કામ કરવાની ખતરીલી તક મળે છે!!!''મેં રાજુને બિગ બોસ શોની પૂરક માહિતી આપી.
" ગિરઘરભાઈ . તમે બિગ બોસમાં કેમ ભાગ લેતા નથી?તમને ફેઈમ, ફોર્ચ્યન અને ફન માટે કોઈ આકર્ષણ નથી??'' રાજુએ સેન્સેનલ સવાલ કર્યો!!
" જો રાજુ. મેં રોગોનું બાર માસનું લવાજમ ભરેલ છે.હું બીપી અને ડાયાબીટીસનો પેશન્ટ છું . હું તને કોઈ એંગલથી કવિ કાલિદાસ લાગુ છું કે જેણે ખુદ( કાલિદાસ ) જે ડાળી પર બેઠા હતા તેની પર કુહાડી મારી હતી!!આ બેલ મુજે માર કે પડ પાણા પગ પર જેવા સ્વઆત્મઘાતી પગલા લેવામાં માનતો નથી!!હાથે કરીને બીપી વધારવા કે એન્કઝાઈટી વધારીને તબિયત બગાડવાના મતનો નથી. એટલે હું બિગ બોસમાં ક્યારેય ભાગ ન લઉં!!! મેં ધમાલિયા કાર્યક્રમ તરફ નારાજગી વ્યક્ત કરી.

" ગિરધરભાઈ. બિગબોસમાં એન્ટ્રીમાં અનામતના નિયમોનો અમલ થતો હશે. સ્પર્ધકોની કુલ સંખ્યાના ૩૦ % મહિલા માટે અનામત રાખતા હશે? એસસી અને એસટી માટે કેટલી અનામત રાખતા હશે? ગરીબીરેખા નીચે જીવતા લોકોને બિગ બોસમાં એન્ટ્રી મળતી હશે ?? " હું બિગ બોસનો એકસપર્ટ હોય તેમ રાજુએ મને પૂછ્યો.
" રાજુ. બિગ બોસ શું કોઈ સરકારી યોજના છે? બિગ બોસ ગરીબ કલ્યાણ મેળો નથી કે દિન દયાળ હંગામી આવાસ યોજના નથી!!બિગ બોસ પ્રધાનમંત્રી કિસાન સન્માન વિધિ યોજના કે વીમા ફસલ યોજવા નથી . વિપક્ષના રેડીયો એકટિવ કચરા જેવી નિઠલ્લા , નકારા નિકમ્મા નેતાને કે જે કધોયા કપડા જેવા છે જેમને આપણા પક્ષના વોશિંગ મશીનમાં નાંખી ધોઈ નાંખી મંત્રી બનાવવાની ઓપરેશન લોટસ સ્કિમ નથી!! ગરીબોને પાંચ કિલો અનાજ વિતરણ યોજના નથી.''મેં રાજુને કહ્યું.
" ગિરધરભાઈ. બિગ બોસમાં વાઈલ્ડ કાર્ડથી સ્પર્ધકને એન્ટ્રી આપવામાં આવે છે. મારે બિગ બોસમાં એન્ટ્રી લેવી છે. શું કરવું?'' આજકાલ રાજુની મહત્વાકાંક્ષા સાપ ફૂંફાડા મારે તેમ વધતી જાય છે.

"રાજુ બિગ બોસ સરાઈ કે સદાવ્રત નથી કે ગમે તે એરાગેરા સ્પર્ધક તરીકે જઈ શકે! વિવાદાસ્પદ કે સેલિબ્રિટી ટાઈપના લોકોને સ્પર્ધક તરીકે લેવા ચેનલવાળા સામેથી સંપર્ક કરે છે'' મેં રાજુના મનસુબા પર પાણી ફેરવ્યું.
" ગિરધરભાઈ. હું તમારી કોલમનું અગત્યનું પાત્ર છું. હું સેલેબ્રિટી કેમ ન કહેવાઉં?'' રાજુએ સેલિબ્રિટી હોવાનો દાવો રજૂ કર્યો.
" રાજુ. મારી કોલમનું હું ,તું અને મંગળદાસ જેવું છે. ગણીને પૂરા સાડા ત્રણ વાંચક છે. કોલમ લેખક સેલિબ્રિટી ના હોય તો પાત્ર કયાંથી સેલિબ્રિટી હોય??'' મેં સેલિબ્રિટીના દાવાનું ફીંડલું વાળ્યું!!
રાજુ મેટ્રિક ટન મેટ્રિક ટનના નિસાસા નાંખતો ભાંગેલા પગા, મમગૃહથી સ્વગૃહે જવા નીકળ્યો!!
ભરત વૈષ્ણવ

## નવરાત્રિના તહેવાર અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં વર્ષ-૨૦૨૩ના નવરાત્રિના તહેવાર દરમ્યાન ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩(એન), ૩૬(ઈ),(એ) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રુએ હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૫/૧૦/૨૦૨૩થી તા.૨૪/૧૦/૨૦૨૩ સુધી, નવરાત્રિના ૦૯ દિવસ તથા દશેરાના ૦૧ દિવસ દરમ્યાન રાત્રિના કલાક ૧૦:૦૦થી કલાક ૧૨:૦૦ વાગ્યા સુધી રાસ-ગરબા કે અન્ય કોઈપણ કાર્યક્રમમાં માઈક સિસ્ટમ /લાઉડ સ્પીકર / પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. રાત્રિના કલાક ૧૨:૦૦ પછી માઈક સિસ્ટમ /લાઉડ સ્પીકર / પબ્લીક એડ્રેસ સિસ્ટમ ચાલુ રાખી શકાશે નહી. માઈક સિસ્ટમ / લાઉડ સ્પીકર / પબ્લીક એડ્રેસ સિસ્ટમ ઉપયોગ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંન્ટ્રોલ) રુલ્સ-૨૦૦૦ની ક્લમ - ૫(૨)(૩)ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા.૨૫/૦૯/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંકઃ ઈદ્વફ-૧૦-૨૦૧૬-૧૩૩-ૠીૠૠ-ની જોગવાઈ મુજબ અત્રેની પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ - શહેરના જા.ના.ક્રમાંકઃ વિ.શા./જાહેરનામું/એ-સેક્શન ધ્વનિ/૧૦૨/૨૦૨૨, તા.૧૮/૦૯/૨૦૨૩ મુજબ રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. જૈ-ક્ષીહં ઢહીની આસપાસ માઈક સિસ્ટમ / લાઉડ સ્પીકર / પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહી.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૫/૧૦/૨૦૨૩ના કલાક ૦૦:૦૦ થી તા.૨૪/૧૦/૨૦૨૩ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ભારતીય ફોજદારી અધિનિયમ- ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## 'નો ડ્રોન ફ્લાય ઝોન' અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

તા.૦૫/૧૦/૨૦૨૩ થી તા.૧૯/૧૧/૨૦૨૩ સુધી ICC Cricket Wrold Cઁ ૨૦૨૩ની મેચો રમાનાર છે, જે પૈકી તા. ૧૪/૧૦/૨૦૨૩ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અમદાવાદ શહેર ખાતે ક્રિકેટ મેચ યોજનાર છે, ઉક્ષ્ક્ષ્ઁ ૨૦૨૩નો શુભારંભ પણ આ મેચોથી થતો હોવાથી અત્યંત રસપ્રદ અને રોમાંચિત કરનાર હોવાથી વધુ પ્રમાણમાં પ્રેક્ષકો એકત્ર થનાર હોઈ આવા સંજોગોમાં દેશવિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડિયાં તત્ત્વો માનવરહિત રિમોટ સંચાલિત વિમાન જેવાં સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝ જેવા સંસાધનો અથવા એરો સ્પોર્ટ્સમાં વપરાતાં ઉપકરણોના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાનિ પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. જે અન્વયે હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં-૨ ની) કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કરું છું. જે દરમિયાનમાં રિમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન, કવાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર/પેરા ગ્લાઈડર, પેરા મોટર તેમજ હોટ એર બલૂન તથા જમ્પિંગ ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવું છું.આ હુકમ તા. ૧૪/૧૦/૨૦૨૩ના કલાક ૦૬.૦૦થી કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાનેપાત્ર થશે.આ હુકમ અન્વયે પોલીસ કમિશનરમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈપીસી કલમ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# અમદાવાદના પૂર્વ વિસ્તારની ડમ્પિંગ સાઈટ સ્વચ્છતા થકી લીલાછમ જડેશ્વર વનમાં ફેરવાઈ





ભારતીય સંસ્કૃતિની સ્પષ્ટ વિચારધારા રહી છે કે જ્યાં સ્વચ્છતા છે ત્યાં શુધ્ધતા છે; જ્યાં શુધ્ધતા છે ત્યાં પવિત્રતા છે; જ્યાં પવિત્રતા છે ત્યાં પ્રભુતા છે અને જ્યાં પ્રભુતા છે ત્યાં દિવ્યતા છે. સ્વચ્છતા હી સેવાનું ઉત્તમ ઉદાહરણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્યના વન વિભાગે જડેશ્વર વન તૈયાર કરીને પૂરું પાડ્યું છે. અમદાવાદના પૂર્વ વિસ્તારની ડમ્પિંગ સાઈટ સ્વચ્છાગ્રહ થકી લીલાછમ જડેશ્વર વનમાં ફેરવાઈ ગઈ છે.

એક સમયે અમદાવાદમાં જ્યાં કચરો નખતો હતો એ જગ્યાએ આજે હર્યુભર્યુ વન તૈયાર થઈ ગયું છે. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલું જડેશ્વર વન રાજ્યનું પહેલું એવું વન છે જે 'ડમ્પિંગ સાઈટ' ઉપર નિર્માણ પામ્યુ છે. ઓઢવમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્બેજ કલેક્શન સેન્ટરની નજીક ૮.૫ હેક્ટર વેસ્ટ લેન્ડ કે જ્યાં પહેલા આસપાસના વિસ્તારનો કચરો ડમ્પ કરવામાં આવતો હતો. આ ૮.૫ હેક્ટરનો પ્લોટ વન વિભાગને વૃક્ષારોપણ કરી ડેવલપ કરવા માટે ફાળવવામાં આવ્યો હતો, જ્યાં વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯માં 'જડેશ્વર સાંસ્કૃતિક વન'નું નિર્માણ કરવામાં આવ્યું. આજે જડેશ્વર વન અમદાવાદ શહેર માટે જ નહીં પરંતુ સમગ્ર રાજ્ય માટે ઉદાહરણરૂપ બન્યુ છે. સૌથી અગત્યની વાત એ પણ છે કે, વર્ષ ૨૦૧૯માં 'જડેશ્વર સાંસ્કૃતિક વનનું નિર્માણ થયું ત્યારથી લઈને ૩૧ માર્ચ ૨૦૨૩ સુધીમાં અંદાજિત ૮ લાખથી વધુ વિઝટર્સે મુલાકાત લીધી છે.

આ સાંસ્કૃતિક વન આ વિસ્તારના લાકો માટે ફરવાનું સ્થળ બની રહે તે માટે ડમ્પિંગ યાર્ડમાંથી એસેટ બનાવવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે. આ સાંસ્કૃતિક વનમાં વાવેલા વૃક્ષો અને ફૂલછોડ થકી એક અંદાજ મુજબ ૫ વર્ષમાં ૧૪૦.૩૦ ટન અને ૧૦માં વર્ષે ૧૮૮.૪૦ ટન જેટલો કાર્બન શોષાવાનો અંદાજ છે. આમ, આ સાંસ્કૃતિક વન આ વિસ્તાર માટે ફેફસા જેવું કાર્ય કરે છે. સાથો-સાથ આટલી મોટી માત્રામાં આવેલા વૃક્ષો થકી આ વિસ્તારમાં પાણીની જમીનમાં ઉતરવાની પ્રક્રિયાને વેગ મળશે.

આ પ્લોટમાં આશરે વિવિધ પ્રજાતિના વૃક્ષો તેમજ ફૂલછોડ અને અન્ય ક્ષુપ પ્રકારની વનસ્પતિ સાથે કુલ ૨,૮૫,૯૮૬થી વધારે ફૂલછોડ અને વૃક્ષો વાવવામાં આવ્યા છે. અહિં વિવિધ ૨૨ બ્લોકમાં જુદી જુદી જાતના જુદા જુદા રંગના દરેક ઋતુમાં ફૂલો આપતાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. એટલું જ નહીં, તેનો આનંદ લેવા તેની વચ્ચે આશરે ૪.૫ કીમી લાંબા વોકિંગ ટ્રેઈલનું ન્ર્માણ પણ કરાયું છે.

ખાસ વિશેષતાઓ :

૧ કિ.મી લાંબા વોકિંગ ટ્રેક અને જોગિંગ ટ્રેકની સુવિધા : આ સાંસ્કૃતિક વનમાં આશરે ૧ કિ.મી લાંબા વોકિંગ ટ્રેક અને જોગિંગ ટ્રેકની સુવિધા ઊભી કરવામાં આવી છે. જ્યાં બને તરફ દર ૧૦૦ મીટર પર વિવિધ ઋતુઓમાં જુદા-જુદા રંગના ફૂલોથી શોભતા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

કમળકુંડ આકર્ષણનું કેન્દ્ર : આ જડેશ્વર વનમાં એક કમળકુંડ બનાવવામાં આવ્યું છે, જે લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ કમળકુંડ કમળના ફૂલોથી સુશોભિત રહે છે, તેના ઉપર કમાન આકારના એક ઝુલતા પુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સાંસ્કૃતિક વનમાં બેઠક વ્યવસ્થા માટે બે વનકુટીર બનાવવામાં આવી છે. લોકો વર્ષા વનનો અનુભવ માણી શકે તે માટે એક મીસ્ટ ફોરેસ્ટ પણ બનાવવામાં આવ્યુ છે.

પ્રવેશ દ્વાર પર બે એલ.ઈ.ડી. ડિસ્પ્લે : જડેશ્વર વનના મુખ્ય પ્રવેશદ્વારની સામે એક તથા કમળકુંડ પાસે એક એમ કુલ બે એલ.ઈ.ડી. ડિસ્પ્લે મૂકવામાં આવી છે. જેના માધ્મયથી રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ પ્રજાજનો સુધી સહેલાઈથી પહોંચાડી શકાય છે.

વિઝટર્સ માટે એક્ટિવિટી એરિયા પણ આકર્ષણનું કેન્દ્ર : આ વનમાં બનાવવામાં આવેલ એક્ટિવિટી એરિયા આ વિસ્તારના પ્રજાજનોને વિવિધ રચનાત્મક પ્રવૃતિ માટે એક પ્લેટફોર્મ પુરૂ પાડશે. વન વિભાગના જન જાગૃતિના વિવિધ કાર્યક્રમો પણ અહિં કરવામાં આવે છે. મેડિટેશન કેન્દ્રમાં થતા યોગને ધ્યાનના કાર્યક્રમો થકી લોકોનું આરોગ્ય અને સુખાકારીમાં વધારો થશે.

અન્ય સુવિધાઓ : આ વનમાં આવતા વિઝટર્સ માટે અન્ય સુવિધાઓ જેમ કે પાર્કિંગ સુવિધા, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ સામાન્ય ટોઈલેટ્સ વગરે અહીં ઊભા કરવામાં આવ્યા છે.

## તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે, બન્ને દેશ જળ વ્યવસ્થા, કૃષિ, સ્વાસ્થ્ય અને શિક્ષણ ક્ષેત્રે સાથે મળીને કામ કરશે



૧૧ ઓક્ટોબર, નવી દિલ્હી:★ તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહ હસન તેમના ચાર દિવસના પ્રવાસના ભાગરૂપે, રવિવારે ભારત પહોંચ્યા હતાં. તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ બન્યા બાદ આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. ભારત પહોંચતા જ એરપોર્ટ પર કેન્દ્રીય રાજ્ય મંત્રી અન્નપૂર્ણા દેવીએ તેમનું સ્વાગત કર્યું હતું. સોમવારે તેઓ રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતાં, જ્યાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિનું ગાર્ડ ઓફ ઓનર આપીને ઔપચારિક રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

ૈંસ્ મોદીએ નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ દરમિયાન ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર પણ હાજર હતા. પીએમ મોદી અને તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ વચ્ચે દ્વિપક્ષીય બેઠક દરમિયાન ઘણા મહત્વપૂર્ણ કરારો પર સહમતિ થઈ હતી. પીએમ મોદીએ જણાવ્યું કે સ્થાનિક ચલણમાં વેપાર વધારવા પર બન્ને દેશ કામ કરી રહ્યા છે. ૈંઝ્ર કેન્દ્રો, વ્યાવસાયિક તાલીમ અને સંરક્ષણ તાલીમ દ્વારા ભારતે તાન્ઝાનિયામાં કૌશલ્ય વિકાસ અને ક્ષમતા નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. જળ વ્યવસ્થાપન, કૃષિ, આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રોમાં બન્ને દેશ સાથે મળીને કામ કરી રહ્યા છે અને તાન્ઝાનિયાના લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહ હસને વિદેશ મંત્રી એસ જયશંકર સાથે પણ મુલાકાત કરી હતી. વિદેશમંત્રીએ એક્સ સાઈટ પર લખ્યું કે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરીને ગર્વ અનુભવું છું. મુલાકાત દરમિયાન ઘણા ક્ષેત્રોમાં આપણા દ્વિપક્ષીય સંબંધોનો વિસ્તાર કરવા માટે તેમના માર્ગદર્શન મહત્વપૂર્ણ છે.

ઉલ્લેખનીય છે કે આઠ વર્ષ બાદ તાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખ ભારતના પ્રવાસે છે અને આ પ્રવાસથી બન્ને દેશોના સંબંધો વધુ મજબૂત બનશે. આ પહેલા જુલાઈમાં વિદેશમંત્રી એસ જયશંકરે કિદુથાની પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી જે ઝાંઝીબારમાં ૩૦ હજાર ઘરોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવશે. ભારત દ્વારા શરૂ કરાયેલા છ પ્રોજેક્ટ્સ પૈકી એક કિદુથાની પ્રોજેક્ટ છે જે સ્થાનિકોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવશે.

## હળવદ મહિલા મંડળના રાસ ગરબા

તારીખ ૨૧ /૧૦/૨૦૨૩ને શનિવારે હળવદ મહિલા મંડળના રાસ ગરબા. બપોરે ૩ થી ૬. સ્થળ:. પ્રબોધન ઠાકરે હૉલ, ભૂતા હાઈ સ્કૂલની બાજુમાં, શાહજી રાજે રોડ, વિલેપાર્લા (ઈસ્ટ). સારું રમનારને અને સારા ડ્રેસ પહેરીને આવ્યા હોય એમના ઈનામ નીચે ઉંમર પ્રમાણે આપ્યાં છે. (૧) ૧૫ થી ૩૦ વરસ. (૨) ૩૧ થી ૫૦. (૩) ૫૧ થી ઉપરના બધા માટે ઈનામ રાખેલ છે તો બહેનો સરસ મજાના તૈયાર થઈ આ નવરાત્રીના પ્રોગ્રામમાં ભાગ લઈ ઈનામ જીતો.



(મહેશ સોની નખત્રાણા દ્વારા)
"ક્વિન્સ ક્લબ" જૂનાગઢ દ્વારા રાસગરબા સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં શ્રીમતી શીલાબેન શૈલેષ ભાઈ બારમેડા અને તેમનું "નૂપુર ગ્રુપ" પ્રથમ ક્રમે વિજેતા બન્યું હતું.




**આજરોજ જૂનાગઢ જિલ્લા પોલીસ વડા કે જેઓ પોલીસ અને પ્રજા વચ્ચે સમન્વય જળવાઈ સતત લોકોની વચ્ચે રહેનારા બાહોશ અને નીડર એવા હર્ષદ મહેતા સાહેબની શુભેચ્છા મુલાકાત જુનાગઢ જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ હરેશભાઈ ઠુંમરે લીધી હતી**

## ધોળકા ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ યોજાયો

નાયબ બાગાયત નિયામક, અમદાવાદ દ્વારા ધોળકા તાલુકાના નેસડા ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં ગુજરાત રાજયના બાગાયત નિયામકશ્રી ડો પી.એમ વઘાસીયા ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા તેમજ દરેક ગામ દીઠ પ્રાકૃતિક ખેતીના આયામ યુક્ત મોડેલ ફાર્મ વિકસાવવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે વડોદરા વિભાગના સંયુકત બાગાયત નિયામક ડો.જે.એમ. તુવારે ખેડૂતોને બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લાના ખેતીવાડી, બાગાયત, આત્મા વિભાગના અધિકારીશ્રીઓ તેમજ તાલુકા સંયોજક તથા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પોતાના અનુભવો અને વિવિધ આયામો જીવામૃત , નીમાસ્ત્ર બનાવવા વિશે પ્રત્યક્ષ નિદર્શન થકી માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

## લખતર દાહોદ અને બેંગલોર ખાતે અકસ્માતમાં માર્યા ગયેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ



પ્રાપ્ત અખબારી અહેવાલો અનુસાર ગઈકાલ મંગળવારે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ખાતે એક માર્ગ અકસ્માત થવા પામ્યો હતો જેમાં એક જ પરિવારના ચાર સભ્યો તેમજ વાહનના ડ્રાઈવર સહિત પાંચ લોકોના કરુણ મૃત્યુ થયા હતા. એ સિવાય દાહોદના ગરબાડા નજીક એક માર્ગ દુર્ઘટનામાં એક જ પરિવારના ૬ લોકોનાં જીવનદીપ બૂઝાઈ ગયા છે. એ ઉપરાંત બે દિવસ પહેલા બેંગલોર ખાતે ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગી હતી અને તેમાં ૧૧ લોકોનાં દુઃખદ અવસાન થયાં હતાં. અકસ્માતની આ વિવિધ ઘટનાઓમાં કુલ ૨૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને રુપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૩,૩૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે. રામકથાના શ્રોતાઓના સહયોગ વડે આ રાશિ પહોંચાડવામાં આવશે.

## 'સશક્ત દિકરી સુપોષિત ગુજરાત' થીમ આધારિત કિશોરી મેળાનો આરંભ ગાંધીનગર જિલ્લામાં ૧૧ ઓકટોબરના રોજ કલોલ નગરપાલિકા હોલ ખાતેથી થયો

ગાંધીનગર,બુધવાર

બેટી બચાવો બેટી પઢાઓ યોજના તથા પૂર્ણા યોજનાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા અને બ્લોક કક્ષાએ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે, 'સશક્ત દિકરી સુપોષિત ગુજરાત' થીમ આધારિત કિશોરી મેળાનો આરંભ ગાંધીનગર જિલ્લામાં ૧૧ ઓકટોબરના રોજ કલોલ નગરપાલિકા હોલ ખાતેથી થયો.

કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક શિક્ષણ, ઓપન શિક્ષણ તથા કિશોરીઓના અભ્યાસ વિશે, એનેમીયા અને કિશોરીઓને લગતી શારીરિક તકલીફોના નિવારણ અંગે, મહિલા તથા બાળકોના અધિકારનું રક્ષણ કરતી જોગવાઈઓ તથા મફત કાનુની સહાય અને પોસ્કો એક્ટ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.ઉપરાંત બેન્કમાં ચાલતી મહિલા સહાય યોજનાઓ જેવીકે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા યોજના,સુકન્યા સમૃદ્ધિ યોજના તથા સ્વસહાય જૂથ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીશ્રી જીગર જસાણી દ્વારા ઘરેલું હિંસા, જાતીય સતામણી, અભયમ્ વગેરે અંતર્ગત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સુરક્ષા અંગે ચાલતા કાર્યો ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટર, સખી નિવાસ, સ્વધારગૃહ વગેરેની પણ માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં હાજર કિશોરીઓને સેલ્ફ ડિફેન્સ અંતર્ગત ચાર્મી ચૌહાણ નામની કિશોરીએ માહિતી આપવા સાથે કેટલાક દાવ પણ શિખવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ચાર્મી ચૌહાણ પોતે બોક્સિંગમાં ઈન્ટરનેશનલ



ગોલ્ડ મેડાલિસ્ટ છે. જે નાની વયે ગાંધીનગરની ૫૦૦૦થી વધુ દિકરીઓને સેલ્ફ ડિફેન્સ તાલીમ આપી ચુક્યા છે.. વધુમાં ગુડ ટચ અને બેડ ટચની મહાતી આપી તેમણે જણાવ્યું હતું કે આવી પરિસ્થિતિમાં તમે શરીરના અમુક ભાગો જેવા કે આંખ ,નાક અને કાન જેવા સંવેદનશિલ ભાગો પર અટેક કરી સ્વબચાવ કરી શકો છો.આ પ્રસંગે બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત ૩૯ આંગણવાડીની બહેનોને મહાનુભાવોના હસ્તે સ્પિકર આપવામાં આવ્યા હતા. કિશોરી સુપોષણ સપ્તાહ અંતગર્ત કિશોરી મેળામાં ૬ સ્ટોલ રાખવામાં આવ્યા હતા.જેમાં બી.આર.સી ભવન કલોલ ,સરકારી આઈ,ટી,આઈ આરસોડિયા, બાળક લગ્ન પ્રતિબંધ અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા નશા મુક્તિ અભિયાન, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ દ્વારા મહિલાઓ માટે ચાલતી યોજનાઓ અંગે માહિતી,રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ, કિશોર અવસ્થા આરોગ્ય અને વેલનેસ ડે ની ઉજવણીના ભાગરૂપે મિલેટ્સની અવનવી વાનગીઓનું પ્રદર્શન વગેરે જેવી માહિતી આ સ્ટોલ થકી આપવામાં આવી હતી.'સશક્ત દિકરી સુપોષિત ગુજરાત' અંતર્ગત કિશોરી મેળામાં પ્રમુખશ્રી તાલુકા પંચાયત શ્રીમતી બબીતાબેન એસ ઠાકોર, કારોબારી ચેરમેન તાલુકા પંચાયત કલોલ, પ્રોગ્રામ ઓફીસરશ્રી પારૂલબેન નાયક, મહિલા અને બાળ અધિકારીશ્રી જીગર ભાઈ જસાણી,દહેજ પ્રતિબંધક અધિકાર ગાંધીનગર, તાલુકા વિકાસ અધિકારી કલોલ શ્રી કલ્પેશ ચાવડા તથા સંલગ્ન વિભાગોના પ્રતિનિધિશ્રીઓ હાજર રહી કિશોરીઓને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.